પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૨૫૦ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૬-૦૬-૨૦૨૨ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### માણાવદરમાં ધોધમાર અઢી ઈંચ અને માંગરોળમાં દોઢ ઈંચ વરસાદ

## સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ ધબધબાટી બોલાવી, રસ્તાઓ બેટમાં ફેરવાયા, ભેંસો તણાઈ

જૂનાગઢ,

જૂનાગઢ જિલ્લાના તમામ તાલુકાના વાતાવરણમાં ગત રાત્રિથી આવેલા પલટા બાદ આજ સવારથી સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. જિલ્લાના માણાવદમાં અઢી ઈંચ તેમજ માંગરોળમાં દોઢ ઈંચ જેટલો વરસાદ વરસી ચૂકયો છે. માણાવદર શહેર અને પંથકમાં ભારે વરસાદના પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવા લાગ્યાં હતાં. જિલ્લામાં પડી રહેલા સાર્વત્રિક વરસાદના પગલે વાતાવરણમાં અનેરી ઠંડક પ્રસરી ગઈ છે તેમજ ખેડૂતો પણ ખુશખુશાલ જોવા મળી રહ્યા છે.



જૂનાગઢ શહેર અને જિલ્લાના અમુક તાલુકાઓમાં છેલ્લા ત્રણેક દિવસથી મેઘરાજાએ દસ્તક દઈ હેત વરસાવી રહ્યા છે. જિલ્લાના ઘણા વિસ્તારોમાં બફારા અને ઉકળાટના કારણે લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ઊઠ્યા હતા અને આકાશ તરફ આશ માંડી મેઘરાજાની રાહ જોઈ રહ્યા હતા. આ દરમિયાન ગત રાત્રિના જિલ્લાના તમામ તાલુકાના વાતાવરણમાં એકાએક પલટો આવ્યા બાદ અમુક સ્થળોએ વરસાદી ઝાપટાં વરસ્યાં હતાં. આજે સવારથી તમામ તાલુકામાં વરસાદ વરસાવવાનું શરૂ થયું હતું, જેમાં સવારે ૬ વાગ્યાથી માંગરોળ શહેર અને પંથકમાં મેઘરાજાએ ધોધમાર વરસાદ વરસાવ્યો હતો. એકાદ કલાકમાં સવા ઈંચ વરસાદ વરસાવી દેતાં પંથકના રસ્તાઓ પર વરસાદી પાણી વહેતાં થયાં હતાં અને વાતાવરણમાં અનેરી ઠંડકનો લોકો અહેસાસ કરી રહ્યા હતા.

માણાવદર શહેર અને પંથકમાં આજે સવારથી જ મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. ચાર કલાકમાં અઢી ઈંચ જેટલો વરસાદ વરસાવી દેતાં રસ્તા પર પાણી પાણી થઈ ગયું હતું. આજે સવારથી પડેલા ધોધમાર વરસાદને પગલે માણાવદર શહેરની શાક માર્કેટ, મોચીગલી, બહારપરા સહિતના નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયાં હતાં, જેને લીધે લોકોને હેરાનગતિ થવાની સાથે ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. બીજી તરફ વરસાદને પગલે લોકોને ગરમીમાંથી રાહત થઈ છે. શહેર-પંથકમાં ચાલુ સીઝનમાં પ્રથમવાર પડેલા ધોધમાર વરસાદનો લહાવો લેવા બાળકો શેરીઓમાં નીકળી પડ્યાં હતાં.

જિલ્લાના અન્ય સાત તાલુકામાં પણ આજે સવારથી વરસાદ વરસી રહ્યો છે. જિલ્લામાં આજે વરસાદની વાત કરીએ તો જૂનાગઢમાં ૩ એમએમ , કેશોદમાં ૫ એમએમ, ભેંસાણમાં ૩ એમએમ, મેદરડામાં ૧૮ એમએમ, માંગરોળમાં ૩૨ એમએમ(૧.૫ ઈંચ), માણાવદરમાં ૬૮ એમએમ (૨.૫ ઈંચ), વંથલીમાં ૨૧ સ્સ, વિસાવદરમાં ૨ એમએમ વરસાદ વરસ્યો હતો.જૂનાગઢના માંગરોળમાં ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતાં ધોધમાર વરસાદના પગલે ગોરેજ સહિતના કેટલાક ગામોમાં વીજળી ગુલ થઈ ગઈ છે. ગીર સોમનાથના વેરાવળ શહેરમાં મેઘરાજા મનમૂકીને વરસી રહ્યા છે. ધોધમાર વરસાદ પડતા શહેરના મુખ્ય માર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યા છે. ત્યાં જ ઠેર-ઠેર પાણી ભરાતા પાલિકાની પ્રિ-મોન્સુન કામગીરી પર સવાલ ઉઠ્યા છે. જૂનાગઢના માંગરોળમાં લાલ બાગ વિસ્તારમાં વીજળી પડી છે. વીજળી પડતા અગાસીમાં કામ કરતા ૨ ભાઈઓ ઈજાગ્રસ્ત થયા છે. બન્નેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે. વીજળી પડવાથી ઘરની દીવાલોમાં તીરાડો પડી હતી, જ્યારે આજુબાજુના મકાનોના વીજ ઉપકરણોને નુકશાન થયુ હતુ.

માણાવદર શાક માર્કેટ તેમજ અન્ય વિસ્તારોમાં પાણી ભરાયા છે. ભારે વસાદના પગલે રાહદારીઓ તેમજ વાહન ચાલકો મુશ્કેલીમાં મૂકાયા છે. ત્યાં જ અમરેલીમાં મેઘરાજાએ ધબધબાટી બોલાવતા લોકોના ઘર અને દુકાનોમાં વરસાદી પાણી ઘૂસી ગયા હતા ત્યાં જ વરસાદી પાણીમાં ભેંસો પણ તણાઈ હતી. જૂનાગઢના માણાવદરમાં એક સાથે ૬૮ એમએમ વરસાદ ખાબકતા જનજીવન ખોરવાયું છે અને રસ્તાઓ બેટમાં ફેરવાઇ ગયા છે.

બીજી તરફ હવામાન વિભાગ તરફથી વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, અરબી સમુદ્રમાં વરસાદી સિસ્ટમ શક્રિય થઈ છે જેથી સમગ્ર ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. આ દરમિયાન દરિયા કિનારે પવન ફૂંકાઈ શકે છે અને કેટલાક વિસ્તારમાં ૪૦ કિ.મીની ઝડપે પવન ફૂંકાશે.ગીર સોમનાથ જિલ્લામાં પણ તમામ તાલુકામાં આજે સવારથી વરસાદ શરૂ થયો હતો જેમાં સૌથી વધુ જિલ્લાના ઉનામાં સવા ઈંચ વરસાદ ખાબક્યો હતો. જિલ્લાના તમામ તાલુકામાં સાર્વત્રિક વરસાદના પગલે ખેડૂતોમાં ખુશીની લહેર પ્રસરી ગઈ છે.

## સરકારી પીજી મેડિકલ વિદ્યાર્થીઓ ૧૬મીથી ઈમર્જન્સી સેવા બંધ કરશે

અમદાવાદ,

બીજે મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલના આંદોલનકારી પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ વિદ્યાર્થીઓ આજ રોજ હડતાળ પર ઉતરવાનો નિર્ણય કર્યો છે. એક વર્ષના બોન્ડને સિનિયર રેસિડેન્ટશિપમાં ગણવાની જુનિયર ડોક્ટરોની માંગ હજુ પુરી ન થતા આજ રોજ તમામ સરકારી મેડિકલ કોલેજોના પીજી રેસિડેન્ટ હડતાળ પર ઉતર્યા છે જુનિયર ડોક્ટર એસોસિએશને એ પણ એલાન કર્યુ છે કે જો ૨૪ કલાકમાં સરકાર નક્કર નિર્ણય નહી લે તો ૧૬મીથી ઈમર્જન્સી અને કોવિડ સેવા પણ બંધ કરાશે.

જેમણે સરકાર સાથે ગ્રામીણ સેવા બોન્ડ પર હસ્તાક્ષર કર્યા છે અને તેમના એમડી અને એમએસ અભ્યાસક્રમો પૂર્ણ કર્યા છે, તેઓએ આરોગ્ય વિભાગને તેમની એક વર્ષની બોન્ડ સેવા માફ કરવા ૨૪ કલાકનું અલ્ટીમેટમ આપ્યું છે. રાજ્યની અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર અને ભાવનગર સહિતની તમામ સરકારી મેડિકલ કોલેજોના પીજી સીનિયર રેસિડેન્ડ ડોક્ટરો હડતાળ પર ઉતરશે અને કોવિડ તેમજ ઈમર્જન્સી સિવાયની તમામ કામગીરીથી અળગા રહેશે.

જો સરકાર ૨૪ કલાકમાં નિર્ણય નહી લે તો ૧૬ મીથી ઈમર્જન્સી અને કોવિડ સેવા પણ બંધ કરાશે. અગાઉ ૨૦૧૭ અને ૨૦૧૮ ની પીજી મેડિકલના બેચના સિનિર રેસિડેન્ટ ડોકટરોની સીનિયર રેસિડેન્ટસીને ગવર્મેન્ટ બોન્ડ સર્વિસમાં ગણી લેવામા આવી હતી.આવી જ રીતે ૨૦૧૯ ની બેચના પીજી વિદ્યાર્થીઓની સિનિયર રેસિડેન્ટસીને બોન્ડ સર્વિસમાં ગણી લેવામા આવે તેવી ઉગ્ર માંગ છે. નોધનીય છે કે, સરકારી મેડિકલ કોલેજોના એક હજારથી વધુ રેસિડેન્ટ ડોક્ટરો હડતાળ પર ઉતરશે તો અમદાવાદ સહિતની સિવિલ હોસ્પિટલોમાં આરોગ્ય-સારવાર સેવાને મોટી અસર થશે.

આરોગ્ય વિભાગ સરકારી મેડિકલ કોલેજોમાં અનુસ્નાતક વિદ્યાર્થીઓને રૂ. ૪૦ લાખના બોન્ડ પર સહી કરાવે છે.વિદ્યાર્થીઓએ તેમના અભ્યાસ પછી એક વર્ષ માટે ગ્રામીણ વિસ્તારોમાં સરકારી આરોગ્ય કેન્દ્રો પર કામ કરવાનું માનવામાં આવે છે, જેમાં નિષ્ફળ જતાં વિધાર્થીઓની બોન્ડની રકમ જપ્ત કરવામાં આવે છે. તેવી જ રીતે, અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને રૂ. ૨૦ લાખના બોન્ડ પર સહી કરાવવામાં આવે છે. આ મામલે આરોગ્ય મંત્રી ઋષિકેષ પટેલે હડતાળ કરનારા વિદ્યાર્થીઓને ચેતવણી આપી કે, રેસિડન્ટ તબીબોની માગ યોગ્ય નથી. જૂનિયર તબીબો પોતાની સેવામાં પરત ફરે. હડતાળ યથાવત રહેશે તો કાર્યવાહી થશે. સરકાર વૈકલ્પિક વ્યવસ્થા કરી લેશે.

## સંસદનું ચોમાસું સત્ર ૧૮ જુલાઈથી શરૂ થઈ શકે છે, ૧૭ દિવસ સંસદ ચાલે તેવી સંભાવના

નવીદિલ્હી,

ભારતીય સંસદનું મોનસૂન સત્ર શરૂ થવામાં હવે થોડા દિવસો બાકી છે. દેશમાં મોનસૂન સત્ર સાથે જ સંસદનું મોનસૂન સત્ર પણ જુલાઈના ત્રીજા અઠવાડિયાથી એટલે કે ૧૮ જુલાઈથી શરૂ થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ સત્ર ઓગસ્ટના બીજા અઠવાડિયા સુધી ચાલવાની સંભાવના છે. સરકારી સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર જોકે આ વિશે હજુ સુધી અંતિમ નિર્ણય લેવાનો બાકી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સંસદીય બાબતોના મંત્રીમંડળીય સમિતિ વિભિન્ન સત્રો માટે તારીખોની ભલામણ કરે છે. દેશમાં નવા રાષ્ટ્રપતિ ચૂંટણી ૧૮ જુલાઈએ મતદાન થવાનું છે. આ મહત્વપૂર્ણ ઈવેન્ટને ધ્યાનમાં રાખતાં કેન્દ્ર સરકારે મોનસૂન સત્ર માટે પણ તૈયારીઓ શરૂ કરી દીધી છે. સરકારી સૂત્રોના અનુસાર રક્ષા મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતાવાળી સંસદીય બાબતોના મંત્રીમંડળીય સમિતિએ ૧૮ જુલાઈથી ૧૨ ઓગસ્ટ સુધી સંસદના મોનંસૂન સત્રને ચલાવવાની ભલામણ કરી છે. આ તારીખો પર અંતિમ વિચાર કર્યા બાદ સંસદ સત્ર માટે આ શિડ્યૂલ પર મોહર લાગી જશે. જો ૧૮ જુલાઈથી માંડીને ૧૨ ઓગસ્ટ સુધી તારીખો પર સંસદી બાબતોની મંત્રીમંડળીય સમિતિ મોહર લગાવી દે છે તો આ વખતે મોનસૂન સત્ર સંસદમાં ૧૭ દિવસ ચાલશે, કારણ કે આ દરમિયાન ૧૭ દિવસ કાર્યદિવસ રહે છે. આ દરમિયાન સરકાર તરફથી ઘણા બિલ સંસદમાં રજૂ કરવામાં આવી શકે છે. તેમાં બજેટ સત્ર દરમિયાન સંસદીય સમિતિ પાસે મોકલવામાં આવેલા બજેટ સત્રના ચાર બિલ પણ સામેલ છે. આ વખતે મોનસૂન સત્ર દેશ માટે ખાસ રહેવાનું છે. આ દરમિયાન દેશના નવા રાષ્ટ્રપતિ મળી જશે. નવા રાષ્ટ્રપતિની ચૂંટણી માટે ૧૮ જુલાઈના રોજ મતદાન થવાનું છે અને ૨૧ જુલાઈના રોજ મતગણતરી બદ ૨૫ જુલાઈના રોજ દેશને નવા મહામિમત પોતાનો કાર્યભાર ગ્રહણ કરી લેશે. આ સાથે જ ૧૦ જુલાઈના રોજ દેશના ઉપરાષ્ટ્રપતિનો કાર્યકાળ પણ ખતમ થવા જઈ રહ્યો છે. જોકે અત્યારે તેની ચૂંટણીની જાહેરાત થઈ નથી. પરંતુ ઉપરાષ્ટ્રપતિનો કાર્યકાળ પુરો થતાં પહેલાં કાર્યક્રમની જાહેરાત થઈ શકે છે. એવામાં આ મોનસૂન સત્ર દેશના નવા મહામુહિમ અને ઉપરાષ્ટ્રપતિ માટે હશે.



# આંતરરાષ્ટ્રીય યોગ દિવસના આયોજન અંગે કલેકટરનાં અધ્યક્ષસ્થાને પ્રેસકોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું

લુણાવાડા,
રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર અને જિલ્લા વહીવટી તંત્ર મહીસાગર દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ સંદર્ભે મીડિયા સાથે પ્રેસકોન્ફરન્સનું આયોજન કલેક્ટર ડૉ.મનિષકુમાર મહીસાગરના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરી કોન્ફરન્સ હોલ ખાતે આયોજન કરવામાં આવ્યું.

આગામી તા. ૨૧ જૂનનાં રોજ મહીસાગર જીલ્લાના લુણાવાડાના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસનું આયોજન સવારે ૦૫; ૪૫ થી ૦૮.૦૦ કલાક દરમિયાન કાર્યક્રમનું આયોજન થનાર છે. પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ત્રણ હજાર થી વધુ લોકો યોગ દિવસના રોજ ભાગ લેશે.



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

આગામી તા. ૨૧ જૂનનાં રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે રાજ્યભરમાં યોગ સંબંધિત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. મહીસાગર જિલ્લામાં પણ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. કલેક્ટર દ્વારા યોગ દિવસની જીલ્લા તથા તાલુકા કક્ષાએ ઉજવણીનાં આયોજન માટે વિગતવાર માર્ગદર્શન સૂચનાઓ આપવામાં આવ્યા હતા. તેમણે વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ, યુવા સંગઠનો, વિદ્યાર્થીઓ તથા જાહેર જનતા વધુને વધુ યોગ શિબિરમાં ભાગ લે અને યોગ સંબંધિત જાગરૂકતા વધુને વધુ લોકોમાં પ્રસરે તે દિશામાં કામગીરી અંગે આરોગ્યવિષયક લોક જાગૃતિ આવે તથા યોગ દ્વારા સ્વાસ્થ્ય સુધારા માટે લોકો પ્રવૃત થાય તે માટે જિલ્લા કક્ષા, તાલુકા કક્ષા, શાળા, આરોગ્ય વિભાગ, પોલીસ વિભાગ, વગેરે આ આયોજનમાં સહભાગી બની ૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસના કાર્યક્રમમાં જોડાવવા માટે કલેક્ટર દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# મહીસાગર જિલ્લામાં આગામી ખરીફ ઋતુના વાવેતર માટે ખેડુતોને માર્ગદર્શન મળી રહે તે હેતુથી કિસાન માર્ગદર્શન તાલીમ શીબીર યોજાઇ

લુણાવાડા,
બાલાશીનોર તાલુકાના ડુંગરીપુરા ગામે માનવસેવા કેન્દ્ર દ્વારા ખેતીવાડી, આત્મા પ્રોજેક્ટ અને બાગાયત વિભાગ મહીસાગર તેમજ રાષ્ટ્રીય બાગવાણી, વેજલપુરના સહયોગથી આગામી ખરીફ ઋતુના વાવેતર માટે ખેડુતોને માર્ગદર્શન મળી રહે તે હેતુથી કિસાન માર્ગદર્શન તાલીમ શીબીરનું પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડના અદયક્ષ સથને યોજાય હતી.



કાર્યક્રમમાં માન. સાંસદસભ્યએ વડાપ્રધાનના આહવાનને યાદ કરાવીને ખેડુતો પ્રાકૃતિક ખેતી તરફ વળે અને જમીન અને પર્યાવરણ બચાવીને આવનારી પેઢીને રોગમુકત બાનાવીએ. અને આપણી ધરતીમાતાની ફળદ્રુપતા જાળવી રાખીએ તે માટે પ્રાકૃતિક ખેતી તરફ વળવા અને વાળવા માટે જણાવ્યું. આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતી પદ્ધતિની માહિતી આપવામાં આવી. જેમાં ચાર આચ્છાદન વિષે ચર્ચા કરી હતી.

સંસ્થાના વડા સ્વરૂપસિંહ ચૌહાણે પરીચય આપીને કાર્યક્રમની શરૂઆત કરી હતી. આ કાર્યક્રમમાં ખેતી અધિકારીએ જમીનની પુર્વ તૈયારી કરવા માટે તેમજ બિયારણ અને ખાતરનો યોગ્ય કાર્યશ્રમ ઉપયોગ માટે માહિતી આપી. બાગાયત અધિકારીએ બાગાયત ખાતાની ચાલતી યોજનાકીય માહિતી આપી.

વેજલપુર બાગાયત માંથી વૈજ્ઞાનિકએ બિલીપગના વાવેતર માટે તેમજ તેની ઉપયોગીતા સમજાવી. છેલ્લે આ કાર્યક્રમને સફળતા પુર્વક કરવા માટે માનવ સેવા કેન્દ્રનો આભાર માન્યો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડુતોએ ઉપસ્થિત રહીને માર્ગદર્શન મેળવ્યું હતું.

તેમાં મહીસાગર જીલ્લાના તેમજ ધરાસભ્ય બાલાશીનોર, મામલદદાર, મહીસાગર જીલ્લાના જીલ્લા ખેતીવાડી અધિકારી, બાગાયત અધિકારી તેમજ આત્મા પ્રોજેક્ટના ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર અને વેજલપુર બિન પિયત ફળ પાકો કેન્દ્રના ડો. સિંગ હાજર રહ્યા હતા.

# સંતરામપુરના વાજીયાખુંટ ગામેથી ૨૮ લાખનો પોશડોડાનો જથ્થો ઝડપાયો

સંતરામપુર,
સંતરામપુર તાલુકાના વાજીયાખુંટ ગામેથી પ્રતિબંધિત પોશ ડોડાનો રૂ.૨૮ લાખનો જથ્થો ઝડપાયો હતો. પોલીસે રૂ.૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને ગાડીના ચાલક સામે ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

ઈન્ચાર્જ પી.આઈ.ડિંડોરને પો.સ.ઈ.કલાસવા અને પોલીસ સ્ટાફ વાજીયાખુંટ ગામે વાહનો ચેકિંગ કરતા હતા દરમિયાન પીકઅપ ડાલાના ચાલકે પોલીસને જોતા ગાડી પુરઝડપે હંકારી નાસવાની કોશિષ કરતા પોલીસે પીછો કરીને ગાડીના ચાલક અશોક બિશ્નોઈને ઝડપી પાડ્યો હતો. પીકઅપ ડાલા વાહનમાં લસણના કોથળાની આડમાં વચ્ચે પોશ ડોડાની ૪૬ બોરીઓ મળી આવતા પોલીસ ચોંકી ઉઠી હતી. પોલીસે આ બનાવમાં અંદાજિત ૯૦૦ કિલો પોશ ડોડાનો જથ્થો અંદાજિત કિ.રૂ.૨૭.૪૫ લાખ તથા પીકઅપ ડાલા ગાડી અને લસણ મળી કુલ રૂ.૩૦.૮૦.૩૩૦નો મુદ્દામાલ કબ્જે કરીને ગાડીના ચાલક અશોક બિશ્નોઈ વિરુદ્ધ નાર્કોટીક્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સંતરામપુર પોલીસ હદ વિસ્તારમાંથી પોશ ડોડાનો વિશાળ જથ્થો પકડાતા ચકચાર પામેલ જોવા મળે છે. આ પોશ ડોડાનો જથ્થો ક્યાંથી ભરાયો અને કોને જથ્થો બાડ મેરમાં કોને આપવાનો હતો તેની તપાસ કરી અને તેના સુત્રધારોને ધરપકડ કરવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# બરોડા ગુજરાત ગ્રામીણ રામ પટેલના મુવાડા શાખામાંથી મૃતકના વારસદારને બે લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો

લુણાવાડા,
મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં આવેલ બરોડા ગુજરાત ગ્રામીણ બેન્ક રામ પટેલના મુવાડા શાખામાં બેન્ક મેનેજર કાવેરીબેન પટેલની ઉતમ કામગીરી ભારત સરકારની પ્રધાન મંત્રી જીવન જયોતિ વીમા યોજના હેઠળ પરીવારજનોને બે લાખના ચેક આજ રોજ મૃતક પરીવારના વારસદારને અર્પણ કરવામાં આવ્યા હતા.



ઈદુબેનના મૃત્યુ થયા બાદ તેમના પતિ રાજેન્દ્રભાઈ પોતાના નજીકની બેંકમાં ગુજરાત ગ્રામીણ બેન્ક રામ પટેલના મુવાડા ગામે પોતાના મૃતક પરીવારનું એકાઉન્ટ બંધ કરાવવા ગયા હતા. બેન્કના સ્ટાફગણ એમનું એકાઉન્ટ ચેક કરતા તેમના એકાઉન્ટમાં પ્રધાનમંત્રી જીવન જ્યોતિ યોજનાનો વીમાનો લાભ લીધેલ હતો. જેથી સ્ટાફના સહકારથી મૃતક પરીવારજનોને બે લાખના ચેક આજે રોજ અર્પણ કરવામાં આવ્યો.

પ્રધાનમંત્રી જીવન જયોતિ વિમા યોજનાનો વિમો કરાવેલો હતો. પ્રધાનમંત્રી જીવન જયતિ વિમા યોજનાનો લાભ બેંકમાં બચત આપ ધરાવતા જેમની ઉંમર ૧૮ થી ૫૦ વર્ષ ની હોય તેવા તમામ ખાતા ધારકો લઈ શકે છે. જેનું પ્રીમિયમ કુદરતી રીતે અથવા અકસ્માતથી મૃત્યું થાય તેમને રૂા.બે લાખ મળવાપાત્ર છે. જેમાં એફ.આઈ.આર. કે પી.એમ રીપોર્ટની જરૂર નથી. જયારે પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનાનો લાભ બેંકમાં બચત ખાત ધરાવતાં હોય જેમની ઉંમર ૧૮ થી ૭૦ વર્ષની હોય તેવા ખાતા ધારકો લઈ શકે છે. અકસ્માતમાં મૃત્યુ થાય તો જ અને જેમાં ફરજીવાત એફ.આઈ.આર. અને પી.એમ. રીપોર્ટ હોય તો તેમને રૂા.૨ લાખ રૂપિયા પુરાનો વિમો મળવાપાત્ર છે. બેંકમાં બચત ખાતું ધરાવતા ૧૮ થી ૫૦ વર્ષ ની ઉપરવાળા તમામ ખાતા ધારકો પ્રધાનમંત્રી જીવન જયોતિ યોજના તથા પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના બન્ને વીમા લઈ શકે છે.

# વિરપુર તાલુકાના ગાંધેલી રોડ ઉપર ઝાડ કાર પર પડતાં નુકસાન

વિરપુર,
વિરપુર તાલુકામાં છેલ્લા બે દિવસથી વરસાદી માહોલ જામ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં ગાજવીજ સાથે અને પવન સાથે વરસાદ શરૂ થયો છે ત્યારે તાલુકામાં પહેલા વરસાદમાં જ તંત્રની પોલ છતી થઈ છે. તાલુકામાં પવન સાથે વરસા વરસવાને પગલે બે ઘટનાઓ ઘટી હતી. જેમાં ગાંધેલી રોડ પર પસાર થતી કાર પર ઝાડ પડતા કારને ભારે નુકસાન થયુ હતુ. સ્થાનિકો ઘટના સ્થળે પહોંચી તુટી પડેલા ઝાડની ડાળીઓ ખસેડી કારને બહાર કાઢી હતી. સદ્‌નસીબે ચાલકને આબાદ બચાવ થયો હતો. જયારે બીજી ઘટનામાં રોજાવ ગામે એમજીવીસીએલના વીજ થાંભલા જાહેર માર્ગ પર તુટી પડ્યા હતા. આ બંને જગ્યાએ થોડો સમય અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. જેને લઈને વીજ કંપની દ્વારા કરવામાં આવેલી પ્રિમોન્સુનની કામગીરીની પોલ ખુલી ગઈ હતી. વીજ કંપની દ્વારા કરવામાં આવેલી પ્રિમોન્સુન કામગીરી સામે અનેક સવાલો ઉઠવા પામ્યા હતા.


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

**નાના ભગલિય મુકામે નાગણેશ્વરી માતાની ત્રીજા પાઠ સોની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં પ્રથમ દિવસે ગાયત્રી પરિવાર દ્વારા ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભકતો જોડાયા હતા અને વાતાવરણ ભકિતમય મહોલ જોવા મળ્યો હતો.**

# શહેરા ઈન્ચાર્જ TDOની અધ્યક્ષતામાં વડાપ્રધાન કાર્યક્રમ લઈ મીટીંગ યોજી

શહેરા,
શહેરા નગર પાલિકાના હોલમાં ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી તેજસ પટેલની અધ્યક્ષતામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમને લઈને સ્ટાફ સાથે મિટિંગનું આયોજન કરવામાં આવ્યુ હતું. તાલુકામાંથી મોટી સંખ્યામાં મહિલાઓ નારી સંમેલન કાર્યક્રમમાં સમયસર પહોંચી શકે તે માટે ૧૨૫ બસો સહિતની વ્યવસ્થા કરવા સાથે રૂટ મુજબ ફાળવવામાં આવેલા સ્ટાફને જરૂરી માર્ગદર્શન સાથે સૂચનો આપવામાં આવ્યા હતા.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

વડોદરા ખાતે ૧૮મી જૂનના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાનાર નારી સંમેલન કાર્યક્રમમાંમાં શહેરા તાલુકા પંથકમાંથી મોટી સંખ્યામાં મહિલાઓ જનાર હોવાથી નગરપાલિકાના ટાઉનહોલ ખાતે ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી તેજસ પટેલની અધ્યક્ષતામાં એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈ. તાલુકા વિકાસ અધિકારી તેજસ પટેલ અને સહાયક તાલુકા વિકાસ અધિકારી કિરણ સોલંકી એ રૂટ સુપરવાઈઝર, રૂટ ઈન્સ્પેકટર લાઈઝન અધિકારીઓ તેમજ સ્ટાફને માર્ગદર્શિત કરવા સાથે સભા સ્થળ સુધી મહિલાઓને કઈ રીતે લઈ જવી અને કાર્યક્રમના અંતે પરત લાવવા સુધીની જરૂરી ચર્ચાઓ કરવા સાથે સૂચનો કરવામાં આવ્યા હતા. જ્યારે તાલુકા માંથી મહિલાઓને નારી સંમેલનમાં કાર્યક્રમમાં લઈ જવા માટે ૧૨૫ જેટલી બસો ફાળવવામાં આવી છે. બસની અંદર પાણી સહિતની જરૂરી વ્યવસ્થા કરવા સાથે મહિલાઓને કોઈપણ જાતની તકલીફ ન પડે તે માટેનું સુંદર આયોજન તાલુકા પંચાયત કચેરી દ્વારા કરવામાં આવનાર છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમ સંદર્ભે મળેલી મિટિંગમાં નાયબ મામલતદાર મુકેશભાઈ, નગરપાલિકા ચીફ ઓફિસર આર.સી.સોલંકી, બીટ કેળવણી નિરીક્ષક સરદારસિંહ વણઝારા, મેહુલ પટેલ તેમજ કાર્યક્રમમાં ફાળવવામાં આવેલા સ્ટાફ સહિત મહિલા અગ્રણીઓ ઉપસ્થિત રહી માર્ગદર્શન મેળવ્યું હતુ.


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

**ઘોઘંબા તાલુકાના લાલપુર થી વરવાડા, એરાલ જેવા વિસ્તારમાં વરસાદ પડવાના કારણે તેમ જ ઈંટોના ભઠ્ઠામાં ધૂમાડા ઉંચે આકાશ તરફ જવાને બદલે જમીન તરફ રહેતા વાતાવરણ ધુમ્મસ જેવું બન્યું હતું. વાહન ચાલકોને ફરજિયાત વાહનને ડિપર પર મારી વાહન ચલાવવું પડતું હતું. ચારેતરફ ધુમાડાના ગોટેગોટા છવાતા ખેડૂતોને પણ હાલાકી ભોગવવી પડી હતી.**

## આપની આજ.......

મેષ : આજનો દિવસ એક મહત્વપૂર્ણ દિવસ છે અને શક્ય છે કે તમે આજે કોઈ મોટો નિર્ણય લઈ શકો છો. આજે એવું થઈ શકે છે કે તમે બેંકમાં તમારી કોઈપણ મિલકત અથવા અન્ય કોઈ કિંમતી વસ્તુનો ઉપયોગ કરી શકો છો.

વૃષભ : દિવસની શરૂઆત તમારા માટે થોડી પ્રતિકૂળ હોઈ શકે છે. સંભવ છે કે તમે કુટુંબના સભ્ય અથવા બાળકને લગતી કોઈ બાબતથી નાખુશ હશો. એવું પણ થઈ શકે છે કે પત્ની અથવા ગર્લફ્રેન્ડ પણ તમને આ પ્રકારના વર્તનથી હેરાન કરે છે.

મિથુન : તમારા કેટલાક લોકો તમારી ચિંતા પણ વધારી શકે છે. કાર્યક્ષેત્રમાં કેટલાક મોટા ફેરફારો શક્ય છે જે તમારા હિતમાં ન હોઈ શકે અથવા તમને તે ગમશે નહીં. તમારે તેની ચિંતા કરવાની જરૂર નથી.

કર્ક : આજનો દિવસ તમારા માટે શુભ છે. ઓફિસ અને સમાજમાંના લોકોમાં તમને આદર મળશે અને તમારી કામ કરવાની રીતથી લોકો પ્રભાવિત થશે. લોકો પ્રત્યેના મનમાં તમારી તરફ સદ્ભાવના પણ જાગૃત થશે.

સિંહ : આજે કેટલીક માહિતી મેળવવાનો દિવસ રહેશે અને તમારી બૌદ્ધિક ક્ષમતામાં વધારો થશે. આજે સારા લોકો સાથેની તમારી મુલાકાત તમને લાભ આપી શકે છે. મોટા ફાયદાની આશામાં દિવસ સાર્થક દેખાશે.

કન્યા : આજે શક્ય છે કે તમારો પ્રતિકૂળ સમય સવારથી જ શરૂ થઈ જાય. બપોર સુધીમાં તમારું મન મુંઝવણમાં મુકાઈ જશે. તમે ફરીથી નવી ઊર્જાથી તમારા અધૂરા કાર્યોનો સામનો કરશો.

તુલા : તમારા માટે આજનો દિવસ થોડો મુશ્કેલ હોઈ શકે છે. કેટલાક કામ બગડવાના કારણે નિરાશા વધી શકે છે. કોઈ નિરર્થક વસ્તુનો ભય અથવા ડર તમારા મગજમાં ખલેલ પહોંચાડી શકે છે.

વૃશ્ચિક : આજનો દિવસ તમારા માટે સામાન્ય છે અને નોકરી અને ધંધામાં બધુ સારું રહેશે. વ્યવસાયની સ્થિતિમાં સુધાર થશે અને મોટા અધિકારીની મદદથી તમારું કામ જે લાંબા સમયથી અટવાયું છે તે પૂર્ણ થશે. તમારી આર્થિક સ્થિતિ મજબૂત રહેશે.

ધનુ : આજનો દિવસ તમારા માટે સારો છે. આજે કેટલાક કામ તમારા વિચાર વિરોધી હોઈ શકે છે. તમારો વિશ્વાસ કરનારા કોઈ તમને છેતરી શકે છે. બાકીનો મિશ્રિત ફળદાયી દિવસ છે.

મકર : આજનો દિવસ તમારા માટે અનુકૂળ છે અને તમારો મૂડ પણ આજે સારો રહેશે. આજે જે લોકો તમારું સારું ઈચ્છે છે તે તમારી આસપાસ દેખાશે. આજે તમને તારા ગ્રહોનો લાભ મળી રહ્યો છે અને આજે તમારા કાર્ય પૂરા થવામાં મદદ રૂપ થશે.

કુંભ : આજે તમારું સ્વાસ્થ્ય સારું નહીં રહે અને શક્ય છે કે દિવસના પહેલા ભાગમાં એક સાથે ઘણું કામ તમારી સામે આવી શકે છે. જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી તેમનામાં મહત્વપૂર્ણ કાર્ય પૂર્ણ કરવાનું યોગ્ય રહેશે.

મીન : આજે તમારા કાર્ય માટે અનુકૂળ દિવસ છે. આજે પરીક્ષાની સ્પર્ધામાં સફળતા મળી શકે છે. જો તમે તમારા વ્યવસાય સાથે સંબંધિત કોઈ કરાર અથવા લેખન કરવા માંગતા હોવ તે આજે ટાળો. તમને સફળતા મળશે બાકીના અન્ય કામો માટે બપોર સુધી સારો સમય છે.

# રાષ્ટ્રપતિની ચૂંટણીમાં સંયુક્ત ઉમેદવાર ઊભો રાખવાનો વિપક્ષનો નિર્ણય,ગોપાલ ગાંધી અને ફારુક અબ્દુલાનો નામનો મૂકાયો પ્રસ્તાવ

નવીદિલ્હી,
રાષ્ટ્રપતિની ચૂંટણીમાં સત્તાપક્ષના ઉમેદવારની સામે કયો ઉમેદવાર ઊભો રાખવો તેની ચર્ચા કરવા માટે મમતા બેનરજીની આગેવાનીમાં ૧૭ વિપક્ષી પાર્ટીઓની એક મોટી બેઠક મળી હતી જેમાં મમતાએ ગોપાલ ગાંધી અને જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલાના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો.આ બેઠકમાં બેઠકમાં ૧૭ પાર્ટીઓના નેતા હાજર રહ્યાં હતા.




બેઠક બાદ સુધીન્દ્ર કુલકર્ણીએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, વિપક્ષી નેતાઓએ આગામી રાષ્ટ્રપતિ ચૂંટણીમાં સામાન્ય ઉમેદવારને મેદાનમાં ઉતારવાનો પ્રસ્તાવ અપનાવ્યો છે. જેમાં ગોપાલ ગાંધી અને ફારુક અબ્દુલા નામનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. એક એવો ઉમેદવાર જે ખરેખર બંધારણના સંરક્ષક તરીકે કામ કરી શકે અને મોદી સરકારને ભારતીય લોકશાહી અને ભારતના સામાજિક તાણાવાણાને વધુ નુકસાન કરતા અટકાવી શકે. સૂત્રોએ જણાવ્યું હતું કે ગોપાલકૃષ્ણ ગાંધીએ આ મામલે વિચારણા કરવા માટે સમય માંગ્યો છે.આજની બેઠક પહેલા મમતા બેનર્જીએ દિલ્હીમાં પોતાના નિવાસ પર એનસીપી પ્રમુખ શરદ પવારની મુલાકાત કરી હતી પવારની પાર્ટીએ તેમના રાષ્ટ્રપતિ ભવનની દોડમાં સામેલ હોવાની અટકળોને ફગાવી દીધી હતી અને કહ્યું કે તે ચુંટણી લડવા ઈચ્છુંક નથી એનસીપીના એક મંત્રીએ કહ્યું હતુ કે એનસીપી પ્રમુખ ખુદને રાષ્ટ્પતિ ભવન સુધી સિમિત રાખવા માંગતા નથી તે ૨૦૨૪ની લોકસભા ચુંટણી પહેલા વિરોધ પક્ષોને એક સાથે લાવવાના પ્રયાસમાં વ્યસ્ત છે. આ બેઠક બાદ મમતા બેનર્જીએ કહ્યું કે હજુ તો આ શરૂઆત જ છે આગામી રણનીતિ માટે ફરી એકવાર બેઠક બોલાવવામાં આવશે તેમણે કહ્યું કે મોટાભાગના વિરોધ પક્ષો ઈચ્છે છે શરદ પવાર રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બને જો તે તેના માટે તૈયાર હશે તો તમામ તેમને સમર્થન કરશે જો તેઓ તૈયાર નહીં હોય તો તેમની અધ્યક્ષતામાં ઉમેદવાર પસંદ કરવામાં આવશે.

આ બેઠકમાં શરદ પવાર, પી સી ચાકો, આર.જે.ડી.એમપી મનોજ ઝા, ઓમર અબ્દુલ્યયષ્યા લા, મહેબૂબા મુફ્તી, એચ.ડી. દેવગૌડા, કુમારસ્વામી, ટી આર બાલુ, અખિલેશ યાદવ, પ્રિયંકા ચતુર્વેદી, મલ્લિકાર્જુન ખડગે અને રણદીપ સુરજેવાલા સહિત અનેક વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. આ બેઠક દિલ્હીના કાન્સ્ટીટયુશન કલબ ઓફ ઈન્ડિયામાં યોજાઈ હતી.ટીએમસી પ્રમુખે કહ્યું કે આજે અહીં અનેક પાર્ટીઓ હતી અને અમે નક્કી કર્યું છે કે અમે ફકત એક સર્વ સમ્મતિલાળો ઉમેદવાર પસંદ કરીશું દરેક કોઈ આ ઉમેદવારને સમર્થન આરશે અમે બીજાથી ચર્ચા વિચારણા કરીશું આ એક સારી શરૂઆત છે અમે અનેક મહીનાઓ બાદ એક સાથે બેઠા અને અમે ફરી બેસીશું જયારે આરએસપીના એન કે પ્રેમચંદ્રને કહ્યું કે મમતા બેનર્જીએ રાષ્ટ્રપતિ ચુંટણી માટે વિરોધ પક્ષના ઉમેદવારના રૂપમાં ફારૂક અબ્દુલ્લા અને ગોપાલકૃષ્ણ ગાંધીનું નામ સુચવ્યું છે.જો કે આજની આ બેઠકમાં અનેક પાર્ટીઓના નેતાઓ સામેલ થયા ન હતાં. તેમાં સૌથી મુખ્ય તેલંગણા રાષ્ટ્ર સમિતિ ટીઆરએસનો સમાવેશ થાય છે જેનું નેતૃત્વ તેલંગણાના મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવ કરી રહ્યાં છે આ સાથે જ અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીએ પણ આ બેઠકમાં ભાગ લીધો ન હતો. બેઠકમાં હાજર રહેલ કોંગ્રેસના નેતા મલ્લિકાર્જૂન ખડગેએ કહ્યું કે વિરોધ પક્ષોએ રાષ્ટ્રપતિ ચુંટણી માટે સર્વસમ્મતિની સાથે ઉમેદવાર સુધી પહોંચાડવામાં કોંગ્રેસ રચનાત્મક ભૂમિકા નિભાવશે.તેમણે કહ્યું કે રાષ્ટ્રપતિ ચુંટણી માટે વિરોધ પક્ષના ઉમેદવારની પસંદગી કોંગ્રેસ વિના થઈ શકે તેમ નથી કારણ કે અમારી પાસે લગભગ ૫૦ ટકા મત છે આમ છતાં અમે બેઠકમાં ભાગ લીધો છે કારણ કે અમે એકતા તોડવા માંગતા નથી અમે ભાજપની વિરૂધ્ધ લડવા ઈચ્છીએ છીએ એ યાદ રહે કે પશ્ચિમ બંગાળના પૂર્વ રાજયપાલ ગોપાલરાય કૃષ્ણ ગાંધી ૨૦૧૭માં ઉપરાષ્ટ્રપતિ પદ માટે વિરોધ પક્ષ તરફથી સર્વસમ્મતિથી ઉમેદવાર બનાવવામાં આવ્યા હતાં પરંતુ તે એમ વૈકેયા નાયડુની સામે પરાજીત થયા હતાં

આ પહેલા મમતા બેનર્જીએ ૨૨ વિપક્ષી દળોને પત્ર લખીને ભાજપ વિરુદ્ધ એકજૂથ થવાની અપીલ કરી હતી અને રાષ્ટ્રપતિની ચૂંટણીમાં એકતાનું આહ્વાન કર્યું હતું. મમતા બેનર્જી સહિત વિપક્ષી દળોના નેતાઓએ એનસીપી પ્રમુખ શરદ પવારના નામ પર રાષ્ટ્રપતિ પદ માટે સહમતિ દર્શાવી હતી પરંતુ તેમણે તેને ફગાવી દીધી હતી.

એ યાદ રહે કે ગત અઠવાડીયે જ ચુંટણી પંચે રાષ્ટ્રપતિ ચુંટણીની તારીખો જાહેર કરી હતી ૧૮ જુલાઈએ રાષ્ટ્રપતિ ચુંટણી માટે મતદાન થનાર છે અને ૨૧ તારીખે મત ગણતરી થશે એ યાદ રહે કે બીજેડીનું કહેવું છે કે હાલ આ મુદ્દા પર ચર્ચા કરવી ઉતાવળીયું હશે એનડીએ તરફથી ઉમેદવાર જાહેર કર્યા બાદ જ તેના પર ચર્ચા થવી જોઈએ બીજેડી આજની બેઠકમાં સામેલ થઈ ન હતી જયારે અકાલી દળના કોઈ નેતા સામેલ થયા ન હતાં જયારે આમ આદમી પાર્ટીએ કહ્યું હતું કે એકવાર જયારે રાષ્ટ્રપતિ પદનો ઉમેદવાર નક્કી થઈ જાય ત્યારે આપ તેના પર વિચાર કરશે હાલ કોઈ વિચાર કર્યો નથી

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

### દાહોદ જીલ્લામાં સાંસદ ખેલ સ્પર્ધાનો પ્રારંભ

# દે.બારીઆ ખાતે સાંસદ ખેલ સ્પર્ધામાં પ્રારંભ કરાવતા ગૃહ રાજ્ય અને રમત ગમત યુવક સેવા અને સાંસ્કૃતિક મંત્રી



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

સાંસદ ખેલ સ્પર્ધાના આરૂપે ગુજરાત રાજ્યના ગૃહ મંત્રી અને રમત ગમત યુવક સેવા અને સાંસ્કૃતિક મંત્રી હર્ષ સંઘવી દાહોદ વેહલી સવારે પહોંચી ગયા હતા. ત્યાં તેઓએ દાહોદ છાપરી ગામે દાહોદ ‘‘બી’’ ડિવિઝન પોલીસ સ્ટેશનનું ઉદ્દઘાટન કરી શુભારંભ કરાવ્યો હતો.

ત્યાંથી સીધા દેવગઢ બારીયા પહોંચ્યા હતા. જ્યાં તેઓના વરદ્દહસ્તે સાંસદ ખેલ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. આ સ્પર્ધામાં આગામી તારીખ ૧૫ થી ૧૭ જૂન દરમિયાન જિલ્લાકક્ષાની કબ્બડી, શૂટિંગ બોલ, તિરંદાજી, હોકી, રસ્સાખેંચ, કરાટે, ક્રિકેટ તેમજ એથ્લેટીક્સ રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૭૦૦૦ ખેલાડીઓ ત્રણ દિવસ ની સ્પર્ધામાં ભાગ લેશે અને પોતાની પ્રતિભાને આગળ વધારશે. આ પ્રસંગે દાહોદના સાંસદ જસવંતસિંહ ભાભોરએ પારંપરિક રીતે હર્ષ સંઘવીનું સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે ગૃહ અને રમત ગમત યુવક સેવા અને સાંસ્કૃતિક મંત્રી હર્ષ સંઘવીએ સુશાસનના આઠ વર્ષ પૂર્ણ થતા જણાવ્યું કે, આપડે વડાપ્રધાને દેશના લોકોના હિતમાં ઘણા કર્યો કર્યા છે અને દેશ ને વિશ્વના ફલક ઉપર મોટી સિદ્ધિઓ અપાવી માન અપાવ્યું છે. દેશમાં રામ મંદિર હોય કે ૩૭૦ તેઓ એ દેશના દરેક વ્યક્તિ ને ન્યાય મળે તેવી નીતિઓ થી કાર્ય કર્યું છે. એટલે જ આપડે સુશાસનના ૮ વર્ષ ઉજવી રહ્યા છે. વડાપ્રધાન તેજસ્વી અને ઓજસ્વી છે, સાથે સાથે દીર્ઘ દ્રષ્ટ્રા પણ છે. તેઓ એ બધા નેતાઓને માત્ર હાર પેહરી ઉદ્દઘાટન સુધી સીમિત ન રાખી લોકોના હિતના કામે લગાડ્યા છે. આ જયદિપસિંહજી સ્પોર્ટ્સ એકેમદમી આપડે લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ એ કરોડો રૂપિયાના ખર્ચે અદ્યતન ટેકનોલોજી યુક્ત સંકુલ ઉભુ કર્યું છે. તમારૂં અને આપડું ભવિષ્ય ઊજળું કરવાનું કામ આપડે વડાપ્રધાને કર્યું છે. ગુજરાતીઓ જ્યારે પેહલા ગુજરાત બહાર જતા તો ગુજરાતીઓ ફાફડા જલેબી અને ઢોકળા વાળા છે તેઓ શું હરીફાઈ કરશે એવી છાપ હતી. એ છાપ આપડે ગુજરાતના રમતવીરોએ ભૂષી છે. હવે આપડી ગુજરાતની આદિવાસી દીકરીઓ દેશના વિવિધ જિલ્લાઓમાંથી મેડલ જીતી ને આવી રહી છે. આતમામ પ્રકારની ખેલ લાગતી સુવિધાઓ ગુજરાતની સરકાર દ્વારા કરવામાં આવી છે. આપડા સૌના લોક પ્રિય નેતા મોર્દી ૨૦૧૦ થી ખેલ મહાકુંભ ની શરૂઆત કરી હતી જેનો પ્રતાપ છે કે આ દાહોદ જિલ્લાના આદિવાસી દીકરા દીકરીઓ ખેલ ક્ષેત્રે આટલા આગળ વધી રહ્યા છે અને વધશે. આ મામલે હું દાહોદના સાંસદ ને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને મારા વિભાગના અધિકારીઓને કહ્યું છે કે, આવા ખેલાડીઓ રમતા હોય તો તેમાંથી તેજસ્વી ખેલાડીઓ ને શોધી કાઢો તેમને આગળની ટ્રેનિંગ આપીશું અને આગળ વધારી શું. આ ઉદ્દઘાટનમાં સાંસદ જસવંતસિંહ ભાભોર, મંત્રી કુબેર ડિંડોર, નીમિષાબેન સુથાર, જિલ્લા ભાજપ પ્રમુખ શંકર અમાલિયર, બચુભાઈ ખાબડ, દંડક રમેશ કટારા, શૈલેષ ભાભોર તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## દે.બારીઆના ભડભા ગામે હોટલનું તાળું તોડી હોટલ માંથી ૧.૮૯ લાખની ચોરી કરી જતાં ચોર ઈસમો

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ભડભા ગામે રાત્રાની સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી એક હોટલનું તાળુ તોડી હોટલમાંથી રોકડા રૂપીયા ૧,૮૯,૦૦૦ની રોકડની ચોરી કરી લઈ નાસી જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

ગત તા.૧૩મી જુનના રોજ દેવગઢ બારીઆ નગરમાં સિધ્ધિ વિનાયક પાર્ક રાધે ગોવિંદ મંદિર રોડ ખાતે રહેતાં સુમિતભાઈ ભરતભાઈ કલાલની દેવગઢ બારીઆ તાલુકાના ભડભા ગામે આવેલ ગ્રીન રિસોર્ટ હોટલમાં અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી હોટલમાં ઓફિસની પ્લાય તોડી કાઉન્ટર ટેબલનું ડ્રોવરનું લોક કોઈ હથિયાર વડે તોડી ડ્રોવરમાં મુકી રાખેલ રોકડ રૂપીયા ૧,૮૯,૦૦૦ અને એક મોબાઈલનું ચાર્જર મળી કુલ રૂા. ૧,૯૦,૫૦૦ની મત્તાની ચોરી કરી અજાણ્યા ચોર ઈસમો નાસી જતાં આ સંબંધે સુમિતભાઈ ભરતભાઈ કલાલે દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જીલ્લામાં ટીઆરબી (ટ્રાફિક બ્રિગેડ)ની ૮૦ જગ્યા માટે મોટી સંખ્યામાં ફોર્મ ભરાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં ટીઆરબી (ટ્રાફિક બ્રિગેડ) ની ૮૦ ભરતીઓ માટે છેલ્લા કેટલાંય દિવસોથી દાહોદ શહેર પોલીસ મથકે જિલ્લાના ઉમેદવારો દ્વારા ફોર્મ ભરવામાં આવી રહ્યાં છે. આજે સાંજે કામગીરી પુર્ણ થઈ થઈ જશે અને આજે અંતિમ દિવસ હોઈ મોટી સંખ્યામાં ઉમેદવારોનો ફોર્મ ભરવા માટે ઘસારો જોવા મળ્યો હતો.

દાહોદ જિલ્લામાં ટ્રાફિક પોલીસમાં એટલે કે, ટીઆરબીની ૮૦ જગ્યાઓ પડતાં દાહોદ જિલ્લામાંથી ફોર્મ ભરવા માટે મોટી સંખ્યામાં ઉમેદવારોનો ઘસારો જોવા મળ્યો હતો. દાહોદ શહેર પોલીસ મથકે ફોર્મ ભરવાની અને ફોર્મ સ્વીકારવાની કામગીરી ચાલી રહી છે. છેલ્લા ઘણા દિવસોથી દાહોદ શહેર પોલીસ મથકે ઉમેદવારીનો મોટી સંખ્યામાં ઘસારો જોવા મળ્યો હતો. આજે ફોર્મ ભરવાની અંતિમ તારીખ હોઈ દાહોદ જિલ્લામાંથી મોટી સંખ્યામાં ઉમેદવારો ઉમટી પડ્યાં હતા. અત્યાર સુધી અંદાજે ૧૦૦૦ ઉપરાંત ફોર્મ દાહોદ શહેર પોલીસ મથકે જમા થયાં છે. સવારથી સાંજ સુધી ફોર્મ સ્વીકારવાની કામગીરી દાહોદ શહેર પોલીસ મથકે પુરજોશમાં ચાલી રહી છે.

# પંચમહાલ જીલ્લાના ગોધરા ખાતે ગરીબ કલ્યાણ સેવા સુશાસન કાર્યક્રમનું કરાયું આયોજન




ગોધરા,

‘‘આઝાદી કા અમૃત મહોત્સવ’’ની રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ભાગરૂપે પંચમહાલ જીલ્લાના ગોધરા સ્થિત મહેદી બંગલો ખાતે ગરીબ કલ્યાણ સેવા સુશાસન કાર્યક્રમનું આયોજન માનનીય મંત્રી મતિ નીમિષાબેન સુથારની અદયક્ષતા હેઠળ કરવામાં આવ્યું હતું. આજના કાર્યક્રમમાં ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજી, હાલોલ ધારાસભ્ય જયદ્રથસિંહજી પરમાર, કાલોલ ધારાસભ્ય સુમનબેન ચૌહાણ, ભારતીય જનતા પાર્ટી જીલ્લા પ્રમુખ અશ્વિનભાઈ પટેલ સહીત વિવિધ વહીવટી અધિકારીઓ તથા મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. આ પ્રસંગે બાલિકાઓ દ્વારા નૃત્યનું આયોજન કરીને તમામ લાભાર્થીઓ અને મહાનુભાવોને આવકાર્યા હતા. આ સાથે માનનીય મંત્રી મતિ નીમિષાબેન સુથાર (રાજયકક્ષા આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ વિભાગ) દ્વારા જીલ્લાના વિવિધ લાભાર્થીઓ સાથે સંવાદ યોજીને સરકારની વિવિધ યોજનાઓના લાભ લાભાર્થીઓને પ્રદાન કરવામાં આવ્યા હતા. આ સાથે તેમણે કેન્દ્ર સરકારની આઠ વર્ષીની ઉપ્લબ્ધીઓ, ગરીબ કલ્યાણ અને સેવા સુશાસનની વિસ્તૃત માહિતી આપી હતી.

આ પ્રસંગે માન.મંત્રી નીમિષાબેન સુથારે પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, ભારતના સ્વતંત્રતાના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે થતી ‘‘આઝાદી કા અમૃત મહોત્સવ’’ની રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ભાગરૂપે આજે પંચમહાલ જિલ્લામા વિવિધ યોજનાઓ થકી લાખો લાભાર્થીઓને લાભ મળ્યો છે. આજે જીલ્લાના ઉપસ્થિત લાભાર્થીઓના ચહેરા પર ખુશી જોવા મળી રહી છે. સરકાર ની કલ્યાણકારી અને નાગરીકોની સુખાકારી હેતુ વિવિધ યોજનાઓ થકી લાખો પરીવારો આત્મનિર્ભર બન્યા છે. કેન્દ્ર સરકારે દેશહિતના નિર્ણયો લઈને ભારતને સર્વોપરી બનાવવા હર હંમેશ પ્રયાસો કર્યા છે. જેના પરીણામ સ્વરૂપ આજે સમગ્ર વિશ્વ ભારતને આવકારી રહ્યુ છે. આ સાથે તેમણે જીલ્લાના વિવિધ લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.

વાત કરીએ વિવિધ યોજનાઓની તો પ્રધાનમંત્રી ઉજ્વલા યોજના હેઠળ પ્રથમ તબક્કામાં સમગ્ર દેશમાં આઠ કરોડ કુટુંબોને ગેસ કનેક્શન આપવામાં આવ્યું છે. તે પ્રમાણે ગુજરાતમાં ૨૯ લાખ ગેસ કનેક્શન આપવામાં આવેલ છે. જ્યારે બીજા તબક્કામાં ૩૧ માર્ચ સુધીમાં ગુજરાતમાં ૫.૪૦ લાખ ગેસ કનેક્શન આપવામાં આવેલ છે. ચાલુ વર્ષે કેન્દ્ર સરકારએ ૬૦ લાખ ગેસ કનેક્શન આપવાનો નિર્ણય કરેલ છે. જેમાં રાજ્યમાં એપ્રિલ મે દરમિયાન ૧.૩૨ લાખ ગેસ કનેક્શન મંજૂર કર્યા છે. આ યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં ૪૦ હજાર ૪૧૩ કે.વાય.સી, ૩૭ હજાર ૨૮૨ ઈ.કે.વાય.સી તથા ૩૩ હજાર ૧૪૨ લાભાર્થીઓને કનેક્શનનું જોડાણ પ્રદાન કરવામાં આવ્યું છે.

પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજનાનો શુભારંભ પ્રધાનમંત્રી એ ૨૦/૧૧/૨૦૧૬ના રોજ આગ્રાથી કર્યો હતો. પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૬ થી ૨૦૨૨ સુધીમાં કુલ ૭૧૭૪૬ આવાસો મંજૂર થયેલ છે. જેમાં ૫૭૩૬૬ આવાસોની કામગીરી પૂર્ણ થયેલ છે. આ યોજનાના કુલ ૫૩૮૧૬ લાખ રૂપિયા લાભાર્થીઓના ખાતામાં સીધા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. આ યોજના થકી જિલ્લાના છેવાડાના વ્યક્તિને પણ પોતાનું પાકું ઘર મળ્યું છે.

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લામા સરેરાશ ૨ લાખ ૨૨ હજાર ૮૫ લાભાર્થીઓને અનાજ વિતરણ કરવામાં આવ્યું છે. વન નેશન વન રેશન કાર્ડ યોજના હેઠળ જિલ્લામાં નેશનલ પોર્ટેબિલિટી હેઠળ કુલ ૯૨૬ અને સ્ટેટ પોર્ટેબિલિટી હેઠળ કુલ ૨૨૩૪ જેટલા ટ્રાન્જેકશન નોંધાયેલ છે.

ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના કે, જેમાં સરકાર દ્વારા વિધવા બહેનોને માસિક ૧૨૫૦ રૂપિયા સહાય કરવામાં આવે છે. જે અંતર્ગત અત્રે ૮૮૯૪ લાભાર્થીઓ લાભ મેળવી રહ્યા છે. આ સિવાય વયવંદના યોજના અંતર્ગત જિલ્લામાં ૬૫૩૨ લાભાર્થીઓ લાભ મેળવી રહ્યા છે.

પ્રધાનમંત્રી મુદ્રા યોજના અંતર્ગત ૫૧૪૨૨ લાભાર્થીઓ નોંધાયા છે. જેમાં ૨૧૭૭૪ લાભાર્થીઓને સહાય આપવામાં આવી છે.

દેશના ખેડૂતોને આત્મનિર્ભર બનાવવાની પહેલ થકી સરકાર એ ૨૦૧૯ થી અમલમાં મુકેલ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ વાર્ષિક ૬૦૦૦ રૂપિયા ખેડૂતોના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવે છે. જે અંતર્ગત પંચમહાલ જિલ્લામાં ૨ લાખ ૩૦ હજાર ૯૦૦ ખેડૂતોએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવેલ છે. જેમાં સરકાર દ્વારા કુલ ૧૧ હપ્તામાં અત્યારસુધી ૪૨૭.૧૯ કરોડની રકમની સહાય આપવામાં આવી છે.

પંચમહાલ જિલ્લામાં કુલ ૨૦૦૦ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે. ૭૩ લાખ ૫૭ હજાર ૧૦૦ લાભર્થીઓ કે જેઓ ૩ થી ૬ વર્ષના બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણનો લાભ આપવામાં આવે છે. ૧૨ લાખ ૪૧ હજાર ૪૦૦ ધાત્રી માતાઓને માતૃશક્તિના ચાર પેકેટનો લાભ આપવામાં આવે છે. સગર્ભા માતાઓ અને ધાત્રી માતાઓને બુધવાર અને શુક્રવારના રોજ દૂધ સંજીવની યોજનાનો લાભ આપવામાં. આવે છે.

આજે કેન્દ્ર અને રાજ્ય સરકાર રાજ્યના નાગરિકોની સુખાકારી માટે કટીબદ્ધ છે. વિવિધ યોજનાઓની સહાય માટે સીધા ખાતામાં પૈસા મોકલી આપવાની સુવિધા છે. રાજ્યમાં સ્વાસ્થ્ય, શિક્ષણ અને નાગરિકોની સુખાકારી માટે સરકાર તમામ પ્રકારની મદદ માટે હર હંમેશા કટિબદ્ધ છે.

# દાહોદના રાત્રી બજારમાં ચાલતી ૧૨ ખાણીપીણીની દુકાનોને સીલ કરાઈ




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

- દુકાનદારો દ્વારા સમયસર ભાડુ ન ભરતા દુકાનો સીલ કરાઈ.
- પાલિકા દ્વારા નોટિસ આપ્યા બાદ પણ દુકાનદારો દ્વારા ભાડું જમા ન કરાવતા પાલિકા તંત્રે દુકાનો સીલ કરી.
- રાત્રી બજારમાં કુલ ૨૦ જેટલી ખાણીપીણીની દુકાનો : ૬ ના સમયસર જમા થયા હતા.

દાહોદ,

દાહોદ શહેરના રાત્રી બજારમાં આવેલી ૨૦ પૈકી ૧૨ ખાણીપીણીની દુકાનોનું ભાડુ બાકી હોવાથી નગરપાલિકા તંત્ર દ્વારા ઉપરોક્ત દુકાનોને સીલ કરવામાં આવી હતી. જોકે ૨૦ પૈકી ૬ દુકાનદારો દ્વારા સમયસર ભાડુ ભરવામાં આવતું હતું તેમજ એક દુકાનદારે સ્થળ પર જ બાકી નીકળતું ભાડુ જમા કરાવી દેતા દુકાનની સીલ ખોલી દેવામાં આવી હતી.

દાહોદ શહેરના ભરપોડા સર્કલ પાસે આવેલા રાત્રી બજારમાં માં ભારતી ઉધાન તેમજ ફૂડકોર્ટ આવેલું છે. જેમાં ખાણીપીણીની કુલ ૨૦ દુકાનો આવેલી છે. જે પૈકી ૧૩ દુકાનોનું છેલ્લા ઘણા સમયથી ભાડુ બાકી હતું. જે સંદર્ભે નગરપાલિકા દ્વારા ઉપરોક્ત દુકાનદારોને એક માસ અગાઉ નોટિસ પણ ફટકારવામાં આવી હતી. તેમજ ભાડાના ભરપાઈ માટે ટેલિફોનિક જાણ પણ કરવામાં આવી હતી. જોકે દુકાનદારો દ્વારા પાલિકામાં સમયમર્યાદામાં ભાડુ ભરપાઈ ન કરતા આજરોજ નગરપાલિકાના કર્મચારિયો દ્વારા રાત્રી બજારમાં ૧૩ દુકાનોને સીલ મારી દીધી હતી. જેમાં એક દુકાનદાર દ્વારા સ્થળ પર જ બાકી નીકળતો ભાડું ભરી દેતા પાલિકા દ્વારા દુકાનની સીલ ખોલી દેવામાં આવી હતી.

આમ, રાત્રી બજાર માં ચાલતી ૧૨ જેટલી દુકાનોના સમયસર ભાડાની ભરપાઈ ન થતાં પાલિકા તંત્ર દ્વારા આજરોજ દુકાનોને સીલ મારવામાં આવી હતી.

# ઝાલોદના પાવડી ગામે માઉઝર (પીસ્ટલ) ત્રણ કાર્ટીઝ મળી ૨૦ હજારના મુદ્દામાલ સાથે એક ઈસમ ઝડપ્યો

દાહોદ,

દાહોદ એસ.ઓ.જી. પોલીસને મળેલ બાતમીના આધારે પોલીસે ઝાલોદ તાલુકાના પાવડી ગામેથી એક ઈસમ પાસેથી લોખંડની માઉઝર (પીસ્ટલ) કિંમત રૂા.૧૫,૦૦૦ અને ત્રણ કાર્ટિઝ કિંમત રૂા. ૧૫૦ અને એક મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૨૦,૧૫૦નો મુદ્દામાલ કબજે કર્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૪મી જુનના રોજ દાહોદ એસ.ઓ.જી. પોલીસને મળેલ બાતમીના આધારે ઝાલોદ તાલુકાના પાવડી ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતાં તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક ઈસમ પસાર થતાં પોલીસે તેને રોકી તેની પુછપરછ કરતાં પોલીસને સંતોષકારક જવાબ મળ્યો ન હતો જેથી પોલીસે તેનું નામ પુછતાં તેણે પોતાનું નામ કમલેશભાઈ બચુભાઈ હઠીલા (રહે. પરથમપુર, ધોળીદાતી, ગડી ફળિયુ, તા. ઝાલોદ, જિ.દાહોદ) જણાવ્યું હતું અને પોલીસે તેની અંગ ઝડતી કરતાં તેની પાસેથી પોતે પોતાના ઉપયોગ માટે કે કોઈને વેચવા અથવા તબદીલ કરવા પોતે રાખેલ લોખંડની માઉઝર (પીસ્ટલ) કિંમત રૂા. ૧૫,૦૦૦, ત્રણ કાર્ટીઝ કિંમત રૂા.૧૫૦ અને એક મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૨૦,૧૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ સંબંધે પોલીસે લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝાલોદનુ રામસાગર તળાવમાં ગંદકીના કારણે લોકો પરેશાન

ઝાલોદ,

ઝાલોદનુ રામસાગર તળાવ વર્ષોથી લોકોમાં આકર્ષણનુ કેન્દ્ર રહ્યુ છે. પરંતુ જાળવણીના અભાવે રામસાગર ગંદકીથી ખદબદતુ અને ગંધ મારી રહ્યુ છે. ચોમાસામાં વરસાદના નવીન પાણી આવે તે પહેલા રામસાગરના તમામ ઘાટની સફાઈ કરીને જરૂરી મરામતનુ કામકાજ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે. પ્રિમોન્સુન કામગીરી હેઠળ તંત્ર દ્વારા તળાવના પાણીની આવકનો ઓવારા વાળા માર્ગે ઉગેલા ઝાડી ઝાંખરા અને ગંદકીના ઢગલા જેવા અવરોધ દુર કરવામાં આવે જેથી ચોમાસાના નવા પાણીને કારણે રામસાગર ફરી તેના રમણીય સૌદર્યને પ્રાપ્ત કરી શકે છે. રામસાગર તળાવ નગરપાલિકાનુ આવકનુ સાધન તો છે જ પણ સાથે સાથે અન્ય ઘણા બધા લોકોને રોજીરોટી આપી રહ્યુ છે. નગરની ઐતિહાસિક ધરોહરના મોટાભાગના સ્થળો પૈકી હવે રામસાગર જ બચ્યુ છે. તેની જાળવણી અને સાચવણી કરવાનુ હવે જરૂર વર્તાઈ રહી છે.

# પતિની ગેરહાજરીમાં જેઠ દ્વારા જાતિય હેરાનગતિમાં અભયમ ગોધરા ટીમે મદદ પહોંચાડી

ઘોઘંબા,

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના નજીકના ગામ માંથી પીડિતાનો ૧૮૧મહિલા હેલ્પ લાઈનમાં કોલ આવેલ કે તેમના પતિની ગેરહાજરીમાં તેમના જેઠ જાતિય સબંધ રાખવા જબરજસ્તી કરે છે. જેમાં મદદની જરૂર હોય અભયમ રેસક્યું ટીમ તાત્કાલીક સ્થળ પર પહોચી પરણિતાએ પોતાની આપવીતી જણાવી કાયમી રક્ષણ મળે તે માટે રજૂઆત કરતા દમાવાવ પોલિસ સ્ટેશનમાં જેઠ વિરૂદ્ધ અરજી આપવી સુરક્ષા પૂરી પાડી હતી. મળતી માહિતી મુજબ પરણિતા નામે રંગાબેન ઘરે એકલા હતા. જેથી એકલતાનો લાભ લેવા તેમના જેઠ વ્યસન કરી આવી જબરજસ્તી થી સંબંધ રાખવા દબાણ કરેલ જેનો ઈનકાર કરતા જેઠે ઝઘડો કરી બિભત્સતા ની હદ ઓળંગતા આવા વર્તનથી ગભરાયેલ રંગાબેને તાત્કાલિક મદદ માટે ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં કોલ કરતા અભયમ રેસ્ક્યું ટીમ ગોધરા સ્થળ પર પહોંચતા તેમનાં જેઠ ફરાર થઈ ગયેલ. ગભરાયેલ રંગાબેનને ટીમ દ્વારા આશ્વાસન આપેલ અને આવા સમયે કઈ રીતે પોતાની જાત ને બચાવવી તે સફેટી પ્લાન સમજાવેલ. રંગાબેનને ડર હતો કે તેમના જેઠ ફરી થી આવી હુમલો કરી શકે અને જાનનું જોખમ રહેલ છે. તેઓને કાયમી રક્ષણ મળી રહે તેવું જણાવતાં અને આ રીતે મહિલાની હેરાનગતિ કરવા બદલ યોગ્ય સજા મળી રહે તે માટે દમાવાવ પોલીસ સ્ટેશનમાં અરજી આપાવેલ છે. આગળની તપાસ પોલીસ કાર્યવાહી હેઠલ છે. પોતાને સમયસર મદદ પહોચાડવા બદલ પીડિતાએ અભયમ ટીમનો આભાર માન્યો હતો.

## ગોધરા તાલુકાના ટીંબા ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના સાયન્સ પ્રોજેક્ટની રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી થતા સમગ્ર પંચમહાલમાં ખુશીનો માહોલ છવાયો




ગોધરા,

ગોધરા તાલુકાના ટીંબા ગામની પ્રાથમિક શાળાના આચાર્ય રઘુભાઈ એસ. ભરવાડના માર્ગદર્શન હેઠળ ધોરણ–૮ના વિદ્યાર્થીઓ રબારી નિરવકુમાર રવાભાઈ અને સુથાર ક્રિષ્ના સુનિલભાઈનો સાયન્સ પ્રોજેક્ટ સોલર સંચાલિત મેગ્નેટિક પાવર સ્ટેશન અને પૌરાણિક અનાજ દળવાની ઘંટી.

આ પ્રોજેક્ટનું ઓનલાઈન પ્રેઝન્ટેશન રાજયકક્ષાએ કરવામાં આવ્યું હતું. વિભાગ ૧માં સમગ્ર રાજ્યમાં આ પ્રોજેક્ટ ની સૌથી ઊંચી ગુણવત્તાને કારણે રાષ્ટ્રીય કક્ષાએ પ્રોજેક્ટ પસંદ થયો છે. વિશ્વમાં વિવિધ પ્રકારે વિદ્યુતનું ઉત્પાદન થાય છે. પરંતુ શાળાની આ ટીમે એક નવા જ પ્રકારના વિદ્યુત ઉત્પાદનનો પ્રોજેક્ટ સોલાર સંચાલિત મેગ્નેટિક પાવર સ્ટેશન ની ડિઝાઈન બનાવી તેને કાર્યરત કરી સાબિત કર્યો છે તથા આપણા દેશમાં પથ્થરની અનાજ દળવાની ઘંટીઓ લુપ્ત થતી જાય છે. ત્યારે આ ઘંટી ને પણ નવા સુધારા કરી સોલાર સંચાલિત બનાવવામાં આવી છે. આમ આ નવા આવિષ્કાર ને નેશનલ કક્ષાએ સ્થાન મળ્યું છે. આશા છે કે, વિદ્યાર્થીઓની આ શોધ દેશ માટે ખૂબ ઉપયોગી બને.



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા ભાજપના યુવા કાર્યકરો દ્વારા બાઈક ઉપર તિરંગા યાત્રા કાઢવામાં આવી હતી. ઘોઘંબા ભાજપ યુવા મોરચાના પ્રમુખ નરેન્દ્રસિંહ પરમારની આગેવાનીમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિર થી તાલુકા પંચાયત સુધી તિરંગા યાત્રા કાઢવામાં આવી હતી. જેમાં ભાજપના યુવા મોરચાના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## ગોધરાના દરૂણીયા પ્રા.શાળા માંથી ફાયર પંપની ચોરી થઈ જતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા તાલુકાના દરૂણીયા પ્રાથમિક શાળામાં રાખેલ ફાયર પંપનું શાળાના રૂમના દરવાજાનું તાળું તોડી કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી જતાં ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો ગોધરા તાલુકાના દરૂણીયા પ્રાથમિક શાળામાં ૨૫ માર્ચ થી ૨૬ માર્ચ સુધીના સમયગાળામાં કોઈ અજાણ્યા ચોર ઈસમોએ શાળાના રૂમમાં રાખેલ ફાયર પંપ કિમત ૩૫,૦૦૦/– રૂપીયાની ચોરી કરી જતાં આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.250

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ૧૮ મી જુને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાવાગઢ ખાતે વિરાસત વનની મુલાકાત લેશે

ગોધરા,

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીનગર ખાતે ઉજવવામાં આવતા વન મહોત્સવના કાર્યમાં બદલાવ લાવીને વર્ષ ૨૦૦૪ થી રાજ્યના વિવિધ જિલ્લાઓ અને ઐતિહાસિક સાંસ્કૃતિક મહત્વ ધરાવતા સ્થળોએ સઘન વૃક્ષારોપણના કાર્ય થકી રાજયકક્ષાના વન મહોત્સવની ઉજવણી કરી આવા સ્થાનોને વન સાથે જોડીને રાજ્યમાં વનોના વિકાસનો યજ્ઞ આરંભ્યો હતો. જેને વર્તમાન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આગળ ધપાવી રહયા છે. વૃક્ષારોપણના કાર્ય થકી વન સાથે લોકો જોડાય તે માટે રાજ્યમાં ''સાંસ્કૃતિક વનના નામાંભિમાન સાથે સ્થાનિક મહત્વ જોડીને સ્થાનિક વનોના નામો આપવાનો અભિગમ અપનાવ્યો. જેના ભાગરૂપે ૨૦૧૧ ના વર્ષમાં તે સમયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં જેપુરા – પાવાગઢ ખાતે




૬૨ મા રાજ્યકક્ષાના વન મહોત્સવની ઉજવણી થકી ''વિરાસત વન નું નિર્માણ કરવામાં આવ્યું હતુ. તે વેળા નરેન્દ્ર મોદીએ આ સ્થળે વૃક્ષારોપણ કરી વિરાસત વનને લોકાર્પિત કર્યું હતુ. આ વનના નિર્માણ બાદ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પાવાગઢ ખાતેના તેમના ટુંકા રોકાણ દરમિયાન પણ જેપુરા–પાવાગઢ ખાતેના વિરાસત વનની ખાસ મુલાકાત લેવા પધારનાર છે, જે ગુજરાત માટે ખુબ જ ગૌરવમય વાત છે.

પાવાગઢ જેપુરા ખાતે નિર્માણ થયેલા આ વિરાસત વનમાં વનોનું મહત્વ દર્શાવતા સાત પ્રતિક વનો તૈયાર કરવામાં આવેલા છે. જેમાં આનંદ વન, આરોગ્ય વન, આરાધ્ય વન, સંસ્કૃતિક વન, આજીવિકા વન, નિસર્ગ વન અને જૈવિક વનનો સમાવેશ થાય છે.

દરેક પ્રતિક વનનું પોતાનું એક આગવું મહત્વ છે. જેમ કે, આનંદ વનમાં તેના નામ મુજબ મનોરંજનનું મૂલ્ય દર્શાવતા વિવિધ રંગબેરંગી ફૂલો તથા બાળ–ક્રીડાંગણ અને લોન ગાર્ડન આવેલા છે. આરોગ્ય વનની વાત કરીએ તો તેમાં હરડે, આમળા, બહેડા જેવા ઔષધીય વૃક્ષોના આરોગ્યલક્ષી મૂલ્યથી સૌને અવગત કરવાનો પ્રયત્ન કરેલ છે. આરાધ્ય વનમાં લોકોની આસ્થા અને પુજા સાથે જોડાયેલા વિવિધ વૃક્ષો જેવા કે વડ, પીપળ, રૂદ્રાક્ષ, બીલી, નાળિયેરી, આસોપાલવ વગેરેનું રોપણ અને ઉછેર કરવામાં આવ્યો છે. સાંસ્કૃતિક વનમાં રાશિ વન, નક્ષત્ર વન તથા પંચવટી વન ઊભા કરેલ છે, અને સાથે સાથે લોકો અને વનસ્પતિ વચ્ચેના સંબંધોને જ્યોતિષ શાસ્ત્ર તથા ખગોળશાસ્ત્ર વિષયો વડે દર્શાવીને લોકો વૃક્ષ સંરક્ષણ માટે પ્રેરિત થાય તેવા પ્રયાસ કરેલ છે.

આજીવિકા વનમાં લોકોની આજીવિકા રળી આપતા વૃક્ષો જેમકે જાંબુ, મહુડા, રાયણ, નિલગિરી, અરડૂસી વગેરેનું વાવેતર અને ઉછેર કરવામાં આવ્યો છે. જયારે નિસર્ગ વનમાં વન અને વાયુ શુધ્ધિકરણ તથા જળ અને જમીનનું સંરક્ષણનું મહત્વ બતાવવાની સાથે વનો એ માનવજીવન માટે કેટલા મૂલ્યવાન છે તેનો ચિતાર આપવામાં આવ્યો છે. આ ઉપરાંત જૈવિક વનમાં માનવ સમાજ માટે જૈવિક વિવિધતાનું મહત્વ દર્શાવવામાં આવ્યુ છે. આ વિરાસત વનને વિશેષ આકર્ષણોથી શણગારવામાં આવ્યું છે. જેમાં તેનું પ્રવેશ દ્વાર, કલાત્મક પુલો, વન કેડીઓ, સુશોભિત તળાવો, ફુવારાઓ, ભૂમિ ભેજ સંરક્ષણ વ્યવસ્થાનું નિદર્શન, સુંદર ફૂલોની ક્યારીઓ, બાળ ક્રીડાંગણ, ઘાસનું મેદાન, વન્ય પ્રાણીઓના મોડલ વગેરે વિરાસત વનને મનમોહક બનાવે છે. મુલાકાતીઓના વિશ્રામ માટે વનકુટીર ઉપરાંત અલ્પાહાર માટે કેફેટેરીયાનું બાંધકામ કરવામાં આવેલ છે જે વિરાસત વનને એક માણવાલાયક સ્થળ તરીકે સંપૂર્ણ બનાવે છે. અત્યાર સુધીમાં અંદાજે ૮૬,૫૭૫ લોકો એ વિરાસત વનની મુલાકાત લઈ ધરતી ઉપરના ઈશ્વરના આ નૈસર્ગિક સ્વર્ગને માણ્યું છે.





વડાપ્રધાનની મુલાકાતને લઈ અવનવી લાઈટીંગો થી જગમગયું પાવાગઢ મંદિર

# પંચમહાલ અને દાહોદ જીલ્લાના દિવ્યાંગ ઉમેદવારો માટે ઔધોગિક એકમો ખાતે ખાસ રોજગાર ભરતી મેળા યોજવામાં આવ્યા

ગોધરા,

જીલ્લા રોજગાર વિનિમય કચેરી ગોધરા અને ઔધોગિક એકમોના સંયુક્ત ઉપક્રમે પંચમહાલ અને દાહોદ જીલ્લાના ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ ભાઈઓ અને બહેનોને રોજગારીની તકો મળે તે માટે ખાસ રોજગાર ભરતી મેળા યોજવામાં આવ્યા. જેમાં તા.૧૧.૦૬.૨૦૨૨ ના રોજ આઈનોક્ષ ઈન્ડિયા પ્રા.લી, કાતોલ, તા.કાલોલ ખાતે હાજર રહેલ ૧૬ દિવ્યાંગ ભાઈઓ માંથી ૦૯ દિવ્યાંગ ભાઈઓની કોમ્પ્યુટર ઓપરેટર, હેલ્પર, હાઉસ કીપિંગ અને ગાર્ડનીંગ જેવી જગ્યા પર પસંદગી કરવામાં આવી. તા.૧૨.૬.૨૦૨૨ ના રોજ સેટકો ઓટો



સીસ્ટમ પ્રા.લી, કાતોલ, તા.કાલોલ ખાતે હાજર રેહલ ૧૯ દિવ્યાંગ ભાઈઓમાંથી ૦૭ દિવ્યાંગ ભાઈઓની ઓપરેટર, હેલ્પર જેવી જગ્યા પર પસદગી કરવામાં આવી. તેમજ તા.૧૪.૦૬.૨૦૨૨ ના રોજ સનફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રીઝ લી, હાલોલ ખાતે હાજર રહેલા ૨૯ દિવ્યાંગ ભાઈ અને બહેનમાંથી ૧૭ દિવ્યાંગ ભાઈ બહેનની પેકર, હોસ્પીટાલીટી, હેલ્પર અને ગાર્ડનીંગ જેવી જગ્યાઓ પર પસંદગી કરવામાં આવી. રોજગાર ભરતી મેળામાં ઉપર જણાવેલ ઔધોગિક એકમો (સંસ્થાઓ) ખાતે તમામ દિવ્યાંગ ભાઈઓ અને બહેનોના ઈન્ટરવ્યું અને રીફ્રેસમેન્ટની સુંદર વ્યવસ્થાઓ કરવામાં આવેલ હતી. જીલ્લા રોજગાર કચેરી દ્વારા પંચમહાલ જીલ્લાના ૩૦૦ જેટલા અને દાહોદ જીલ્લાના ૧૦૦ જેટલા દિવ્યાંગ ભાઈઓ અને બહેનોને ભરતી મેળામાં ભાગ લેવા પત્ર અને એસ એમ.એસ અને ઈમેલથી અને ટેલીફોનીક કોલ જાણ કરવામાં આવેલ હતી. દિવ્યાંગ ભાઈઓ અને બહેનોને આગામી દિવસોમાં ઘેર બેઠા રોજગારી નો લાભ લેવા અનુબંધમ પોર્ટલ www. anubandham. gujarat. gov.in પર અને નેશનલ કેરિયર સેન્ટર www.ncs.gov.in પર રજીસ્ટ્રેશન કરવા અને રોજગાર સેતુ હેલ્પલાઈન ૬૩૫૭૩૯૦૩૯૦ નો સંપર્ક કરવા તેમજ ભરતી મેળામાં રોજગારી મેળવવા માંગતા ન હોય તેઓને સ્વરોજગારી માટે સ્વતંત્ર ધંધો વ્યવસાય કરવા લોન સહાય મેળવવા જીલ્લા ઉધોગ કેન્દ્ર, ગોધરા અને જીલ્લા ઉધોગ કેન્દ્ર દાહોદનો યાદી મુજબના ડોક્યુમેન્ટ સાથે સંપર્ક કરવા જીલ્લા રોજગાર અધિકારી એ.એલ. ચૌહાણ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.

# પ્રધાનમંત્રીના પાવાગઢ આગમન પૂર્વે રાજ્ય ગૃહ અને આરોગ્ય મંત્રીઓના અધ્યક્ષપણા હેઠળ સમીક્ષા બેઠક યોજાઈ

ગોધરા,

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના પાવાગઢ આગમન પૂર્વે રાજ્ય ગૃહ મંત્રી હર્ષ સંઘવી અને રાજ્ય આરોગ્ય મંત્રી નિમીષાબેન સુથારની અદયક્ષતામાં હાલોલ સર્કીટ હાઉસ ખાતે પ્રધાનમંત્રી ના કાર્યક્રમની થયેલ કામગીરીની સમીક્ષા માટે વિવિધ સબંધિત વિભાગના અધિકારીઓ અને મહાનુભાવો સાથે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.

આ બેઠકને સંબોધતા રાજય ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ પ્રધાનમંત્રીના ૧૮ મી જુનના કાર્યક્રમની થયેલ કામગીરીની જાત માહિતી મેળવીને તમામ અધિકારીઓ



સાથે જરૂરી સલાહ સૂચનો કર્યા હતા. આ સાથે ઉપસ્થિતોને માર્ગદર્શિત પણ કર્યા હતા.

આ બેઠક બાદ પ્રધાનમંત્રી ના આગમન સ્થળોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં બંને મંત્રીઓ અને મહાનુભાવોએ પાવાગઢ પરિસરના સ્થળની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન કાલીકા માતાજી મંદિર ટ્રસ્ટના મંત્રી અશોકભાઈ પંડ્યા સહીત ટ્રસ્ટના સભ્યો ઓ ઉપસ્થિત રહીને જાણકારી પૂરી પાડી હતી.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ કુ. કામિનીબેન સોલંકી, હાલોલ ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર, કાલોલ ધારાસભ્ય સુમનબેન ચૌહાણ, ગોધરા ધારાસભ્ય સી.કે. રાઉલજી તથા જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રા, જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ, જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી સહિત વિવિધ વિભાગીય વડાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગોધરા તાલુકાના હમીરપુરમાં હિજરતી જમીનો ની નોંધ નં.૧ નહિ દર્શાવી પ્રાન્ત ગોધરાના ખોટા હુકમોની તપાસ કરવામાં આવે તેવી રજુઆત

ગોધરા,

મોજે હમીરપુર તાલુકા ગોધરા ગામની નોંધ નં–૧ તથા અન્ય પ્રકારની જમીનો કસ્ટોડીયન ઓફ ઈવકયુ પ્રોપર્ટીની આવેલી છે અને ગામ હમીરપુરની જમીનો મોટાપ્રમાણમાં ફાજલ થયેલી પણ છે. અને શ્રી સરકારની ગામ નમુના ૬ પણ થયેલી નોંધો છે. અને આ તમામ જમીનો મોટાપ્રમાણની નોંધો જાથુના ખેડુતોની છે. અને કેટલીક નોંધો કોમ્પ્યુટરની વંચાણે લેવાતી નથી તેમજ પુરેપુરી રેકડી નોંધો ચકાસણી કરવામાં આવતી નથી અને ખોટી રીતે જિલ્લા કલેક્ટરના કર્મચારીઓ દ્વારા મોટાપ્રમાણની લાંચો લઈ સરકાર સાથે સરકારશ્રીની તમામ સુવિધાઓ લેતા સરકારશ્રીની ૭/૧૨ ૮–અ, ૬ હકકપત્રની વિગતો છુપાવી લાંબાગાળે ગેરરિતીઓ કરેલ છે. અને સરકારની નોંધો ઉડાવી લેવા બદલ સુધારા હુકમો કરી સરકારશ્રીનુ હિત ઉઠાવી દઈ અનેક પ્રકારના ખેલો જિલ્લા કલેક્ટરના કર્મચારીઓ–અધિકારીઓ દ્વારા તથા સબ રજીસ્ટર ગોધરા દ્વારા ખોટા દસ્તાવેજાના આધારે નોંધ ઈધરા કેન્દ્ર ગોધરા ખાતે કસ્ટોડીયન ઓફ ઈવકયુ પ્રોપર્ટીની નોંધો મંજુર કરનાર સર્કલ ઓફિસરો તથા તકરારી કેસોમાં સરકારની હિતની ચકાસણી કરી કરવામાં આવતી નથી અને રજુઆતો બાબતે સરકારશ્રીનુ ધ્યાન બદલ પ્રાંત એન.બી.રાજપુત ગોધરા નાયબ કલેક્ટર અને પ્રાંત ગોધરા દ્વારા તમે ૭/૧૨ છો તમારો હકક છે. તેવુ કહેવામાં આવે છે અને બાંધકામની સરકારી ગેરરિતીઓ રોકવામાં આવતી નથી. અને ભારતના નાગરિકોને એવુ કહેવામા આવે છે કે સરકારનુ હિત સરકાર જોઈ લેશે તેવા અસભ્ય વર્તનનો વીડિયો વાયરલ નાયબ કલેકટર અને પ્રાંત(એન.બી.રાજપુત)વાયુ વેગે છે. આમ પ્રાંત અધિકારી (એન.બી.રાજપુત)દ્વારા અગાઉ પણ અસભ્ય વર્તન કરી બિનખેડુતોને જે બોગસ ખેડુતો બનાવી અવકલોકન દ્વારા રેકર્ડ રૂલ્સ તથા વહીવટી નિયમો તથા રાજ સરકારના પ્રાંત મેન્યુઅલ નિયમ ભંગ આ એન.બી.રાજપુત દ્વારા કરવામાં આવેલ છે.આમ જો આ પ્રાંત અધિકારી (એન.બી.રાજપુત)ગોધરા પ્રાંત ગોધરા ફાઈલો તપાસ કરી કરાવવામાં આવે તો કેટલાક ખોટા હુકમોની બોગસ ખેડુતો ૭૩–એ–એ વાળી મિલ્કતો ગણોત ધારા અવલોકન કેસો તથા સરકારશ્રીની અનેક પ્રકારની જમીનોમાં ખુબ જ મોટી ગેરરિતીઓ બહાર તપાસ કરતા મળી આવે તેમ છે. અને કેટલા બોગસ ખેડુતોના તકેદારી સેલ પ્રશ્નો હોવા છતાં કોઈ રિપોર્ટો સાચા કરવામાં આવતા નથી અને રેકર્ડની પુરીપુરી નોંધોની ચકાસણી કરવામાં પણ આવતી નથી અરજદાર વાયરલ કરેલ વીડિયો ગાંધીનગર અન્ય વિભાગોને મોકલી આપેલ છે. જેથી કોઈપણ સરકારી મિલ્કતોમાં જિલ્લા કલેકટર વિગેરે વિભાગનુ નામો દાખલ કરવાના બદલે જિલ્લા કલેકટર પંચમહાલ ગોધરાના પ્રાંત એન.બી.રાજપુત ગોધરા અને(શહેર)મામલતદાર એમ.એમ.ભાભોર તથા (ગ્રામ્ય)પી.બી.કુભાણી દ્વારા ફરજ દરમિયાનની સરકારી ગેરરિતીઓ તપાસ દરમિયાન નીકળી આવે તેમ છે. જેથી એન.બી.રાજપુત પ્રાંત ગોધરામાં કેટલા કેસો પડતર છે. અને કેટલાક કેસોમાં સીધી લીટીના વારસદારોની નોંધ પણ નામંજુર કરેલ છે. અને અધુરી વારસાઈ પણ કરવામાં એક કુટુંબના ઈસમોની થઈ નથી. જેથી કરેલ ગેરરિતીઓ દ્વારા ગુજરાત સરકાર ગાંધીનગર તરફ ગોધરા પ્રાંત એન.બી.રાજપુતની અન્ય પ્રકારની ભારતના નાગરિકો દ્વારા કરવામાં આવેલ છે પરંતુ એક બિજા કર્મચારીઓ અધિકારીઓની ગેરરિતીઓ ફુટે નહિ જેથી ગુજરાત રાજય સરકાર મહેસુલ વિભાગની પ્રથમિક તપાસની અરજી દબાવી મોટાપ્રમાણમાં જયાં સુધી નિવૃત્ત ના થાય ત્યાં સુધી કોઈ તકેદારી સેલના રિપોર્ટો મોકલવામાં આવતા નથી. જેથી ગુજરાત સરકાર પણ નારાજ છે. જે તે સમયના મંજુલા સુબ્રમણયમ તકેદારી આયોગ તરફથી નારાજની હકીકતો ૨૦૧૦માં દૈનિક દ્વારા બહાર આવેલ છે. પરંતુ હાલના મહેસુલ અને કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી દ્વારા આવી કોઈપણ જાતની ગેરરિતીઓ ચલાવી લેવામાં આવશે નહિ જે જે કર્મચારીઓ અધિકારીઓ એ ખોટુ કર્યુ હશે તો તેઓ સામે ખાતાકિય બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે તેવુ ભારપુર્વક જણાવેલ છે. આ બાબતે જિલ્લા કલેકટર પંચમહાલ ગોધરા આ બાબતે યોગ્ય કાર્યવાહી કરશે કે કેમ તે જોવાનુ રહ્યુ.

# શહેરાના લાભીના ઈસમે સરકારી કામો ભાગીદારીમાં કરવાની વાત કરી વિશ્વાસમાં લઈ કામો માટે નાણાં લઈ પરત નહીં કરતાં ફરિયાદ

શહેરા,

શહેરાના ફરીયાદીને ૨૦૧૮ના વર્ષમાં સરકારી કામો ભાગીદારીમાં કરવાની વાત કરી સમયાંતરે નાણાં મેળવ્યા હતા અને કામ પુરું થતા બીલ પેમેન્ટ આપવાની ખાતરી સાથે આરોપી બે નેશનલ બેંકના ચેક આપીને વિશ્વાસ આપવા નાણાં પરત નહી કરી ઠગાઈ કરતાં આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

શહેરા તાલુકાના લાભી ગામે રહેતા જયેશભાઈ બળવંતભાઈ પગી એ સરકારી કામો ભાગીદારીમાં કરવાની મયુરકુમાર ગોપાલભાઈ શાહને વાત કરી હતી અને સરકારી કામો કરવા માટે મયુરભાઈ પાસેથી સમયાંતરે નાણાં મેળવ્યા હતા. કામો પુરા થતા બીલ મળ્યેથી નાણાં આપવાની કરી હતી અને જયેશ પગીએ વિશ્વાસમાં લેવા માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા તથા અલ્હાબાદ બેંકના ચેકો આપીને નાણાં આપવાનો વિશ્વાસ આપ્યો હતો. મયુરભાઈએ લાંબા સમય સુધી નાણાંની માંગણી કરવા છતાં નાણાં આપી દેવાનો વિશ્વાસ આપીને ભાગીદારીના સરકારી કામો માટે રોકેલ નાણાં આરોપીએ પરત નહિ વિશ્વાસઘાત ઠગાઈ કરતાં આ બાબતે શહેરા પોલીસ મથકે જયેશભાઈ બળવંતભાઈ પગી વિરૂદ્ધ નોંધાવામાં આવી.

# કાલોલ કેળવણી પ્રચારક મંડળના ઉપપ્રમુખ અને મંત્રીના નિયમિત જામીન અરજી કોર્ટ દ્વારા નામંજુર કરાઈ

કાલોલ,

કાલોલ કેળવણી પ્રચારક મંડળ સંચાલિત ગર્લ્સ હાઈસ્કુલમાં શિક્ષિકા તરીકે હાજર થયેલ હોય તેમની પાસેથી સંચાલક મંડળના ઉપપ્રમુખ અને મંત્રીના ડોનેશન પેટે લાંચ માટે નાણાં લેતા એસીબીના છકડામાં ઝડપાયેલ કેળવણી મંડળના ઉપપ્રમુખ અને મંત્રીએ કોર્ટમાં નિયમિત જામીન અરજી મુકતા કોર્ટ દ્વારા જામીન અરજી નામંજુર કરવામાં આવી.

કાલોલ કેળવણી પ્રચારક મંડળ સંચાલિત સી.વી.ગર્લ્સ હાઈસ્કુલમાં શિક્ષણ સહાયત તરીકે ઓર્ડર મળતા ગર્લ્સ હાઈસ્કુલમાં હાજર થયેલ હતા. હાજર થયેલ શિક્ષિકના પતિ પાસેથી ડોનેશન પેટે લાંચની માંગણી કરી હતી. આખરે રકઝક કરતાં ૧ લાખ રૂપીયા આપવાનું નકકી થયેલ હતું. લાંચ આપવા માંગતા ન હોવાથી એસીબીનો સંપર્ક કરી ફરિયાદ કરતાં એસીબી દ્વારા છટકું ગોઠવવામાં આવ્યું હતું અને એમ.જી.એસ. હાઈસ્કુલ ખાતે ૧ લાખની લાંચ લેતા સંસ્થાના ઉપપ્રમુખ જયંતકુમાર રતીલાલ મહેતા અને મંત્રી વિરેન્દ્ર પ્રવિણસિંહ મહેતાને લાંચની રકમ સાથે એસીબીએ ઝડપી લેવામાં આવ્યા હતા અને લાંચ કેસમાં જેલમાં રહેલા આરોપી ઉપપ્રમુખ અને મંત્રી દ્વારા નિયમીત જામીન અરજી હાલોલ સ્પે.એસીબી કોર્ટમાં મુકવામાં આવી હતી. તેની સુનાવણી દરમિયાન શિક્ષણ જેવા ક્ષેત્રમાં ભષ્ટાચારને નાબુદ કરવાની કામગીરીને વેગ મળે તે હેતુથી જામીન અરજી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવ્યો.

# ઘોઘંબાના દામણપુર ત્રણ રસ્તા પાસેથી ટ્રેકટરની ટ્રોલીમા સંતાડી લઈ જવાતો ૨.૩૭ લાખના પોસ ડોડાના જથ્થા સાથે એક ઈસમ ઝડપ્યો

ઘોઘંબા,

ઘોઘંબા રાજગઢ પોલીસે પાંચ પથ્થરા ચાર રસ્તા તરફ પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન દામાવાવ તરફથી આવતા જુના ટ્રેકટર ટોલીને રોકવા હાથ કરતા ટ્રેકટર ચાલકે ભગાવી મુકતા પોલીસે પીછો કરી ઝડપી પાડયું હતું અને તપાસ દરમ્યાન ટ્રોલીમાં ચોર ખાનું બનાવી લઈ જવાતો પોસ ડોડાના કિંમત ૨,૩૭,૬૭૦/–રૂપીયા એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા રાજગઢ પોલીસ પાંચ પથ્થરા ચાર રસ્તા તરફ પેટ્રોલીંગમાં હતા. દરમિયાન દામાવાવ તરફ થી નંબર વગરનું ટ્રેકટર ટ્રોલી સાથે પસાર થતું હોય તે રોકવા માટે પોલીસે હાથ કરતાં ટ્રેકટર ચાલકે ટ્રેકટર ભગાડી મુકતા પોલીસે પીછો કર્યો હતો. દામણપુર ત્રણ રસ્તા રોડ ઉપર કોર્ડન કરીને ટ્રેકટર ઝડપી પાડવામાં આવ્યું હતું. ટ્રેકટર ચાલકને ઉતારી નામ પુછતા મુકેશ કવરલાલજી પાડીયાર (બાવરી) રહે. ચાલવી જી. મંદોસર એમ.પી. હોવાનું જણાવ્યું હતું. પોલીસે ટ્રેકટર અને ટ્રોલીનું ચેકીંગ કરતાં ટ્રોલીમાં બનાવેલ ચોર ખાના માંથી લઈ જવાતો પોસ ડોડાના જથ્થો વજન ૭૯,૨૧૦ કિલો ગ્રામ કિમત ૨,૩૭,૬૩૦/–રૂપીયાના મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. આ બાબતે રાજગઢ પોલીસ મથકે પકડાયેલ ઈસમ મુકેશ પાડીયાર સહિત બીજા બે ઈસમો દશરથ ઓમ પ્રકાશ જાટ, ગોપાલ કવરલાલજી પાડીયાર વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ભગત વાસુદેવ ગોપાલદાસ
તરફથી અભીનંદન....
મુ. અંકલેશ્વર મહાદેવ રોડ,
લુહાર, ગોધરા,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ભટુક શોકત એહમદ
તરફથી અભીનંદન....
મુ. નદીસર,
તા. ગોધરા,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
મોહન ફારૂક અ.રહીમ
તરફથી અભીનંદન....
મુ. સાંપા,
તા. ગોધરા,
જી. પંચમહાલ

## ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા
## લુણાવાડા નગરપાલીકા, લુણાવાડા. જી.મહિસાગર

આથી લુણાવાડા નગરપાલીકામાં સરકારશ્રી દ્વારા મંજુર થયેલ લુણાવાડા નગરપાલિકા વિસ્તારમાં વિવિધ સ્થળો માટે સી સી રોડ અને ડામર રોડ માટે આઈટમ રેટ ટેન્ડર કામગીરી માટે નીચે મુજબ તારીખો સુધારા કરવામાં આવે છે. અન્ય ટેન્ડરની વિગત ઓનલાઈન www.nprocure.com પર જોઈ શકાશે.

| | |
|---|---|
| ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | ૨૦/૦૬/૨૦૨૨ ના ૧૮:૦૦ કલાક સુધી |
| ફિઝિકલ બિડ સબમીશનની છેલ્લી તારીખ | ૨૭/૦૬/૨૦૨૨ ના ૧૬:૦૦ કલાક સુધી |
| ટેકનીકલ બિડ ખોલવાની છેલ્લી તારીખ | ૨૮/૦૬/૨૦૨૨ ના ૧૨:૦૦ કલાકના રોજ |

ઉપરોક્ત કામોના ટેન્ડર સ્વિકારવા અંગે તમામ હક્ક અધિકાર નગરપાલીકાને અબાધીત રહેશે.

| | |
|---|---|
| (દિપસિંહ હઠીલા)<br>ઇ.ચા.ચીફ ઓફિસર<br>લુણાવાડા નગરપાલીકા | (ભાવનાબેન જે.મહેતા)<br>પ્રમુખ<br>લુણાવાડા નગરપાલીકા |

માહિતી/ગોધરા/૨૫૬/૨૦૨૨